**<u>ફોજદારી કેસ નં  ૧૯૩૩ / ૨૦૧૪</u>**

**<u>આંક–૧ તળેનો હુકમ :</u>**

(૧)  આરોપી સામે પોલીસ દવારા કરવામાં આવેલ ચાર્જશીટ ધ્યાને લીધુ. કેસ પેપર ધ્યાને લીધા. જયારે સરકાર તરફે એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨)  સદર કેસની હકીકત ધ્યાને લેતા, આરોપી સામે ઈ.પી.કો.  કલમ–૧૮૮ તથા પ્રિઝન એકટની કલમ–૪૨,૪૩ અને ૪૫ (૧૨) મુજબનો ગુન્હો નોંધી અને તે કલમનું ચાર્જશીટ કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી પાસેથી પ્રોહીબીટેડ વસ્તુ મળી આવેલ છે. સદર કામે પ્રિઝન એકટની કલમ–૪૨ ધ્યાને લેતા, તેમા કોઈ પ્રોહીબીટેડ વસ્તુ જેલમાં લઈ જવા કે જેલમાંથી બહાર કાઢવા દેવામા આવે તો, તેમા વધુમાં વધુ છ માસની કેદ અને રૂા.૨૦૦/– દંડની જોગવાઈ છે અને કલમ–૪૫ માં જે કેદીઓ દવારા ગુન્હો કરવામાં આવેલ હોય તે મુજબના ગુન્હાઓમાં કલમ–૪૬ મુજબ સજા આપવાની જોગવાઈ છે અને તે સજા જેલના સુપ્રિટેન્ડન્ટ આપી શકે. સદર કામે આરોપી સામે જે ગુન્હો નોંધાયેલ છે તેમાં વધુમાં વધુ છ મહીનાની સજાની જોગવાઈ હોવાથી સી.આર.પી.સી. શેડયુલ ૧(૨) ધ્યાને લેતા આ પ્રકારના ગુન્હા નોન કોગ્નીઝેબલ ગુન્હાની શ્રેણીમાં આવે છે અને કાયદા પ્રમાણે નોન કોગ્નીઝેબલ ગુન્હામાં ફકત કોર્ટમાં ફરીયાદ થઈ શકે. સદર કામે તપાસ કરનાર અમલદાર દવારા આરોપી સામે ઈ.પી.કો.કલમ–૧૮૮ મુજબની કલમ સાથે પ્રિઝનર એકટની કલમો સાથે ચાર્જશીટ કરવામાં આવેલ છે અને સી.આર.પી.સી. મુજબ ઈ.પી.કો. કલમ–૧ ૮૮ કોગ્નીઝેબલ ગુન્હો છે. પરંતુ સી.આર.પી.સી. ૧૯૫ ધ્યાને  લેતા, ઈ.પી.કો.કલમ–૧૭૨ થી ૧ ૮૮ મુજબના ગુન્હાઓમાં કોર્ટ ત્યાં સુધી કોગ્નીજન્સ ના લઈ શકે જયાં સુધી આ પ્રકારના ગુન્હાઓમાં સબંધીત રાજય સેવક કે વહીવટી તરીકે તેમના ઉપરી અધિકારી લેખીત ફરીયાદ સબંધીત કોર્ટમાં દાખલ ન કરે. સદર કામે સબંધીત અધિકારી દવારા કોર્ટમાં લેખીત ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી. દોલતરામ વીરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ એ.આઈ.આર. ૧૯૬૨ પાના નં.૧૨૦૬ માં નામદાર સુપ્રિમકોર્ટે એવુ ઠરાવેલ છે કે, મેજીસ્ટ્રેટ દવારા પોલીસ રીપોર્ટ ઉપર  લેવામા આવેલ કોગ્નીઝન્સને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકે નહી. સી.આર.પી.સી.કલમ–૧૯૫ લાગતી હોય તો મેજીસ્ટ્રેટના અધિકાર વિના ગણાય અને કાર્યવાહી વોઈડ એબઈનીશ્યો થઈ જાય. નામદાર ગુજરાત હાઈકોર્ટ રામજી ભીખા કોળી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૯ સીઆરસીજે. ૧૨૪૪ માં નામદાર હાઈકોર્ટે એવુ ઠરાવેલ છે કે, કોર્ટ સી.આર.પી.સી.કલમ–૧૯૫ માં જણાવેલ ગુન્હાઓમાં લ

ેખીત ફરીયાદ મેજીસ્ટ્રેટ રુબરુ દાખલ કરવી ફરજીયાત છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા આ કેસમાં આરોપી સામે કેસ ખારીજ કરી ફરીયાદપક્ષને નવી રીતે કાયદા મુજબ કાર્યવાહી કરવાની સ્વતંત્રતા આપેલી. નામદાર પટણા હાઈકોર્ટ બીજુ જાદવ વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહાર (૨૦૦૬) ૦ સુપ્રિમ પટના ૧૧૧૬ માં એવુ ઠરાવેલ છે કે, જે રાજય સેવકનો હુકમનો ભંગ થયેલ હોય તેજ રાજય સેવક અથવા તેમના વહીવટી તરીકે ઉપરી અધિકારી ઈ.પી.કો.કલમ–૧૮૮ મુજબ લેખીત ફરીયાદ કોર્ટમાં કરી શકે છે અને તે રાજય સેવકના તાબા હેઠળના અધિકારીને પણ તેઓ ફરીયાદ દાખલ કરવા ઓથોરાઈઝ કરી શકે નહી. સી.આર.પી.સી. ૧૯૫ અને ઉપર મુજબના ચુકાદાઓ ધ્યાને લેતા હું માનુ છુ કે, ઈ.પી.કો.કલમ–૧૮૮ માં પોલીસ ચાર્જશીટ કરી શકે નહી તેમજ કોર્ટ ચાર્જશીટને કમ્પ્લેઈન તરીકે લઈ શકે નહી. તેમજ આ કેસની હકીકત જોતા પોલીસ દવારા કલમ–૧૮૮ ની કલમ સાથે પ્રિઝનર એકટની કલમો લગાડી ચાર્જશીટ દાખલ કરેલ છે જેમાં પ્રિઝન એકટની લગાવેલ કલમમાં વધુમાં વધુ છ મહીનાની સજા હોવાથી તે ગુન્હાઓમાં પોલીસ ચાર્જશીટ કરી શકે નહી.

(૩) સદર કેસમાં કોર્ટ દવારા આરોપી સામે કોગ્નીજન્સ લઈ કેસ ચલાવવામાં આવેલ છે. પરંતુ સી.આર.પી.સી. ૧૯૫ મુજબ આરોપી સામે કોગ્નીજન્સ લઈ કેસ ચલાવી શકાય નહી અને હાલના તબકકે આરોપી સામે ૧૯૫ નો બાદ નડતો હોવાથી તેમને દોષમુકત કે ઉનમોચીત કરી શકાય નહી જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુ ક મ : –**

સદર કામના આરોપી સામે આ કેસનું પ્રોસીડીંગ આથી ડ્રોપ કરવામાં આવે છે અને પ્રોસીકયુશનને નવેસરથી કાયદા પ્રમાણે કાર્યવાહી કરવાની સ્વતંત્રતા આપી સદર કેસ ફેસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૩ –માહે–જુલાઈ–સને–૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(પ્રભાકર કૃષ્ણકાંત રાય)**
**૧૨મા અધીક ચીફ જયુ. મેજીસ્ટ્રેટ,**
**રાજકોટ**
**(જજ કોડ- GJ01112)**